**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૪ ટકા

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા હસમુખભાઈ જોષીના નિવાસસ્થાન, ૩૩૬/૮, આલેખ ફ્લેટ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણસમાજ દ્વારા પરેશ ત્રિવેદીના નિવાસસ્થાન ૯૦૩/૧, સે-૧૩-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક તથા મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા અનિલભાઈ વ્યાસના નિવાસસ્થાન ૬૫૫/૨, કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

# આજે સાતમે ગૃહિણીઓને રસોડામાં રજા

## શહેરના વિવિધ મંદિરોમાં શિતળામાની પૂજા થશે અને શહેરીજનો ઠંડા ભોજનની મજા માણશે



**શીતળામાનું વાહન ગધેડું**

શીતળા માનું વાહન ગધેડાને કહ્યું છે. ગધેડું ઠંડુ પ્રાણી છે. તેનું દુધ ૩ દિવસ પીવાથી જીંદગી ભરનો ગરમીનો વિકાર જતો રહે છે.





ગાંધીનગર, તા.૨૧

રાંધણ છઠ્ઠના દિવસે ગૃહિણીઓ વિવિધ પ્રકારની રસોઈ બનાવી ચુકી છે અને આજે સાતમ નિમિત્તે ઘરના ચુલા બંધ રહેશે. સવારે શીતળામાની પૂજા કરી આખો દિવસ ઠંડુ ખાવાનો મહિમા વર્ષોથી છે. જેના પાછળ સ્વાસ્થ્યને લગતા અલગ અલગ કારણો પણ રહેલા છે.

સાતમ-આઠમ આવે એટલે શહેરમાં એક અલગ જ માહોલ સર્જાય છે. સાતમના દિવસે શીતળામાની પૂજા અને ઠંડી રસોઈનું જમણ અને આઠમે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનો અનેરો ઉત્સાહ શહેરીજનોમાં રહેલો છે. શહેરના સે-૨૨ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીના જણાવ્યા મુજબ શીતળા સાતમની પૂજા સ્વચ્છતા સાથે જોડાયેલી છે. શીતળા માતાનું વાહન ગધેડું જેના પર મા બિરાજમાન છે તેમના ચાર હાથમાંથી એક હાથમાં ઝાડુ જે સફાઈ રાખવાનું સૂચવે છે. બીજા હાથમાં સૂપડું જે અનાજ સાફ કરવાનું સૂચવે છે. ત્રીજા હાથમાં કળશ જે શીતળતાનું પ્રતિક છે અને ચોથા હાથથી માતાજી આશીર્વાદ આપે છે. શીતળા મા શીતળતાને વરેલી દેવી છે જેથી સાતમને દિવસે શીતળ પદાર્થ જ ખાવા જોઈએ તેમ મનાય છે.

આજે શહેરના વિવિધ મંદિરોમાં શીતળામાની પૂજા થશે. દરેક માતા પોતાના બાળક માટે અને પરિવારજનોના સારા સ્વાસ્થ્યની વિનવણી શીતળા માતા પાસે પૂજા કરી એક દિવસ ઠંડુ ખાવાના નિયમથી કરશે.

રાંધણ છઠ્ઠને લીધે નગરની સરકારી ઓફિસોમાં લગભગ ૩૦ થી ૩૫ ટકા મહિલા કર્મચારીઓ રજા ઉપર કાં તો અડધી રજા મૂકી ઘરે રાંધણ છઠ્ઠ નિમિત્તેનું જમણ બનાવવા ઘરે રહ્યા હતા.

●●●

શહેરના વિવિધ સ્ટોર્સ પરથી ખાસ શહેરીજનો દ્વારા મકાઈ અને બાજરીના વડા, પાતરાના વાટા, મેથીના થેપલા, હાંડવો, ચૂરમા લાડુ, માવાના માલપૂવા અને ખાજાની ખરીદી થઈ હતી.

●●●

### સાતમને દિવસે ઠંડુ ખાવાથી $B^{12}$ની ઉણપથી બચી શકાય છે

રાંધણ છઠ્ઠને દિવસે જે ખોરાક રંધાય છે તેને બીજા દિવસે એટલે કે શીતળા સાતમના રોજ ખવાય છે જે ખોરાકમાં એવા બેકટેરિયા બનાવે છે કે જે આપણા શરીરમાં ૨૫ વર્ષ સુધી ઉણપ ન થવા દે તેવું $B^{12}$ બનાવે છે. સાતમના એક દિવસે જો ગરમ ચા પણ ન પીવાય અને સંપૂર્ણ ઠંડો ખોરાક ખવાય તો ઘણા રોગોમાંથી મુકિત મળી શકે છે તેવું ભામા રીસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિક આર.એન. વર્માનું સંશોધન છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● મિશન મંગલ
૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫

● ફાસ્ટ એન્ડ ફયુરિયસ
૩-ડી હિન્દી
૧.૧૦

● ધ લાયન કિંગ
૧૦.૪૦

● સુપર-૩૦
૯.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● મિશન મંગલ
૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦

● બટલા હાઉસ
૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫

● સુપર-૩૦
૬.૩૦ સાંજે

● કબિરસિંગ
૩.૧૫ બપોરે

● ચાલ જીવી લઈએ
૧૨.૩૦

● ચાસની (ગુજરાતી)
૯.૩૦

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● મિશન મંગલ
૮, ૧૦, ૧૧, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

● બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦

● ચાસની (ગુજરાતી)
૬.૩૦ સાંજે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● મિશન મંગલ
૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● બટલા હાઉસ
૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● ચાસની (ગુજરાતી)
૧૨.૧૫

## રાંધેજા ચોકડી પાસે બાઈક ચાલક યુવાન પર ધોકા વડે હુમલો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામના યુવાન પર બે અજાણ્યા શખ્સોએ હુમલો કરી ઈજા પહોંચાડી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાંધેજા શીરવીવાસમાં રહેતા ઉમંગ ગોવિંદ પટેલ (ઉં.વ.૨૭) સે-૨૮ જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે.ગત તા.૧૯ ઓગસ્ટના રોજ સાંજના સુમારે તે બાઈક લઈ ઘર પરત જતો હતો ત્યારે રાંધેજા ચાર રસ્તા પાસે એક ચાલકે બાઈક આગળ કાર રોકી દીધી હતી. કારમાંથી બે ઈસમો ધોકા લઈને નીચે ઉતર્યા હતા અને ગાળાગાળી કરી હતી. યુવકને હાથે પગે અને બરડામાં ધોકા મારતા ઈજા પહોંચી હતી. યુવકે બુમાબુમ કરતા અન્ય નાગરીકો એકઠા થઈ જતા તે બે ઈસમો ભાગી ગયા હતા. મારામારીને પગલે એકઠા થયેલા નાગરીકોએ ૧૦૮ બોલાવી યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયો હતો. જયાં ડોકટરે ડાબા હાથની કોણીથી કાંડા વચ્ચે તેમજ પગના નળાના ભાગે ફેકચર હોવાનું નિદાન થયું છે. ઉમંગે કહ્યું કે ધોકા મારનાર બોલતા હતા કે હિતેશભાઈએ તારા પપ્પાને માર્યા હતા અને સાહિલભાઈ તેમજ હિતેશભાઈએ તારા હાથ પગ ભાગી નાંખવાનું કહ્યું છે. ઉમંગે પોતાના ભાઈ ઉત્તમના પ્રેમલગ્નના મુદ્દે મન દુઃખમાં હુમલો થયો હોવાનું દાવો કરીને રાંધેજા ગામના જ સાહિલ બાબુ પટેલ અને હિતેશ સાંકળભાઈ પટેલ તેમજ બે અજાણ્યા શખ્સો સાથે મળીને કુલ-૪ વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પેથાપુર પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## ખ-૫ પાસે અકસ્માતમાં ઘાયલ યુવાન બેભાન અવસ્થામાં

### માર્ગ ઓળંગતા સમયે બાઈક ચાલકે પાછળથી ટક્કર મારી હતી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના ખ-૫ પાસે માર્ગ ક્રોસ કરતા સમયે યુવાનને બાઈક ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો. આઈટીઆઈમાં અભ્યાસ કરતો યુવક નાસ્તો કરવા જઈ રહ્યો હતો તે સમયે બનાવ બન્યો હતો. યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયો હતો. જો કે ગત તા.૧૪ ઓગસ્ટના રોજ બપોરના સુમારે અકસ્માત સર્જાયો હતો. ત્યારબાદ આજદિન સુધી યુવક ભાનમાં ન આવતા તેના મિત્રએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકના નાના જલુન્દ્રા ગામમાં રહેતો વિશાલ અજમલજી ઝાલા (રહે. નાના જલુન્દ્રા, વાણીયાવાસ) ખાતે પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર ખાતે આઈટીઆઈમાં અભ્યાસ કરે છે. તેની સાથે ગામનો જ રોહિત રાઠોડ પણ આઈટીઆઈ કરતો હોવાથી બંન્ને જણા રોજ સવારે આવે અને સાંજે પરત ઘરે જાય.ત્યારે ગત તા.૧૪ ઓગસ્ટના રોજ બંન્ને જણા ખ-૫ પાસે બપોરના દોઢ વાગે નાસ્તો કરવા જઈ રહ્યા હતા. તે સમયે માર્ગ ઓળંગતી વખતે ખ-૫ થી વાવોલ તરફના માર્ગ પર પુરપાટ ઝડપે જઈ રહેલા બજાજ ડિસકવર બાઈક નં. જી.જે.૧૮.સી.એચ.-૨૪૧૯ બાઈકના ચાલકે પાછળથી ટક્કર મારતા યુવાન રોહિત રાઠોડ નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે વિશાલ માર્ગ ક્રોસ કરી જતા બચી ગયો હતો.

ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. પરંતુ તા.૧૪ થી અત્યાર સુધી યુવાન ભાનમાં ન આવતા તેની સાથે આઈટીઆઈ કરી રહેલા મિત્ર વિશાલ ઝાલાની ફરીયાદ લઈને પોલીસે બાઈક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સીસી કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર ની મહિલા પાંખની બહેનો દ્વારા ૧૫ મી ઓગસ્ટના સ્વાતંત્ર દિન નિમિત્તે તારીખ ૨૦મી ઓગસ્ટના રોજ સેક્ટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ અને વૃક્ષ વાવો



પર્યાવરણ બચાવો એ વિષય પરત્વે વકતૃત્વ સ્પર્ધાનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અને સર્વ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. બાદમાં શાળાના પ્રાંગણમાં દસ વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું. સિસિકાની મહિલા પાંખની બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્સાહભેર ભાગ લીધો હતો. કન્વીનર દામિનીબેન લાખીયાએ બાળકોને વૃક્ષારોપણ બાદ વૃક્ષોને જળસિંચન અને તેને આ ઉછેરવાની જવાબદારી લેવાનું મહત્વ સમજાવ્યું હતું.

# સે-૧૫ના ફતેપુરામાં દુર્ગંધયુકત કાદવ-કિચડ સાથે વરસાદી પાણીનો ભરાવો

### ગંદકી ભર્યા પાણીમાં માખી-મચ્છર સહિતના રોગજન્ય જીવાણઓનો ઉપદ્રવ વધ્યો : માર્ગો પરથી પસાર થવું મુશ્કેલ બન્યું : રોગચાળો ફેલાવાની દહેશત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૧૫માં સમાવિષ્ટ ફતેપુરા ખાતે વરસાદી પાણીના ભરાવાથી ગ્રામજનો માટે અત્યંત દુષ્કર પરિસ્થિતિ સર્જાવા પામી છે. આઈટીઆઈ બિલ્ડિંગના પાછળના ભાગે તથા દશામાના મંદિર નજીક ઉપરાંત ફતેપુરાની સરકારી પ્રાથમિક શાળા નજીક ભરાયેલા વરસાદી પાણીથી દુર્ગંધયુકત ગંદકી અને કાદવ-કિચડની સ્થિતિ સર્જાઈ છે જેના કારણે આ સ્થળેથી પસાર થવું તો મુશ્કેલ જ થઈ પડયું છે પરંતુઅહીં રોગવાહક જીવજંતુનો ઉપદ્રવ પણ વધતા રોગચાળો ફેલાવાની દહેશત સર્જાવા પામી છે.

ગાંધીનગરમાં ગત સપ્તાહમાં વરસેલા વરસાદને પગલે સેકટર-૧૫ના ફતેપુરા





ગામના ગ્રામજનોની હાલત કફોડી થવા પામી છે. શહેરની મધ્યમાં આવેલા આ વિસ્તારમાં દર વર્ષે વરસાદી પાણીનો ભરાવો થાય છે. આ વર્ષે પણ આઈટીઆઈ બિલ્ડીંગની પાછળના ભાગે, દશામાના મંદિર નજીક, સરકારી પ્રાથમિક શાળા જવાના માર્ગે, મહિલા આઈટીઆઈ નજીક તેમજ ગોપાલક સમાજની હોસ્ટેલ આગળ સહિતના અન્ય વિસ્તારોમાં વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કીચડનું સામ્રાજય સ્થપાયું છે. વળી કાદવ કિચડ સાથે કચરો અને ગંદકી મળતા અહીં તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે જેથી અહીંથી પસાર થવું પણ કપરું બન્યુ છે. આ પાણીના ભરાવાને કારણે માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓની ઉત્પત્તિ વધવા પામી છે અને પાણીમાં મચ્છરોના બ્રિડીંગ સાથે ઝુંડના ઝુંડ સ્પષ્ટ જોઈ શકાય છે. આ પરિસ્થિતિમાં શાળાના બાળકોથી માંડીને આ વિસ્તારના રહીશો અને અહીંથી પસાર થતા વાહનચાલકોમાં રોગચાળો ફેલાવાની દહેશત સર્જાવા પામી છે. સત્વરે આ વિસ્તારમાં કાદવ કિચડ દૂર થાય, ખાડાઓમાં પુરણ થાય અને જંતુનાશક દવાઓનો છંટકાવ સાથે ગંદકી કચરાની સાફ સફાઈ કરવામાં આવે તે અત્યંત જરુરી બન્યું છે. આ બાબતે સત્વરે પગલાં લેવાય તેવી ગ્રામજનો અપેક્ષા સેવી રહ્યા છે.

## જલારામ મહિલા મંડળમાં હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

જલારામ મહિલા મંડળ ગાંધીનગરમાં હાલમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે નીતાબેન ધોકાઈ, ઉપપ્રમુખ મીત્તલબેન ચંદારાણા, મંત્રી તરીકે ઉષાબેન જી. ઠકકર, સહમંત્રી તરીકે પ્રેરણાબેન ઠકકર અને કોષાધ્યક્ષ તરીકે કુસુમનબેન તન્ના સાથે સમાજની ૧૨ બહેનોની કારોબારીમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ઝેવિયર્સ અને કાર્મેલની સુવર્ણ જયંતિની ઉજવણીએ સાંસ્કૃતિક ઉત્સવ










ગાંધીનગર, તા.૨૧

સેંટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ સ્કુલની સુવર્ણ જયંતિએ ઝેવિયર્સ અને કાર્મેલ ફેસ્ટ યોજાયો હતો. જે અંતર્ગત સાંસ્કૃતિક ઉત્સવ માઉન્ટ કાર્મેલ હોલ ખાતે ઉજવાયો હતો. જેમાં બરોડા, અમદાવાદ અને ગાંધીનગરની લગભગ ૧૩ જેટલી શાળાઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિવિધ યોજાયેલ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ઈકોલોજી થીમ પર પોસ્ટર મેકિંગ, લોકનૃત્યો સાથે ગુજરાતી અને હિંદી બંને ભાષામાં ઘોષણા કરી માતૃભાષાને મહત્વની ગણાવી હતી. ગાંધીનગર સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ દ્વારા કાલબેલીયા લોકનૃત્ય સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સેંટ ઝેવિયર્સ લોયેલાના અલ્યુમિનાઈ સુધીર જુમાની, સિમ્સ હોસ્પિટલના ડૉ. કેયુર બુચ સાથે બંને શાળાના પ્રિન્સીપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ ફાધર દોરાઈ એસ.જે. અને સિસ્ટર જેનીફર ગોમ્સ એ.સી. દ્વારા કરવામાં આવ્યું હતું.

વિવિધ સ્પર્ધાઓ અંતર્ગત ડેકલેમેશનમાં પ્રથમ સેંટ ઝેવિયર્સ મીરઝાપુર, દ્વિતિય ડોન બોસ્કો હાઈસ્કૂલ વડોદરા અને તૃતીય નંબરે જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ વડોદરા રહી હતી.

ડિબેટમાં પ્રથમ સેંટ ઝેવિયર્સ હાંસોલ, જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ વડોદરા દ્વિતિય નંબરે રહી હતી.

પોસ્ટર મેકીંગમાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ લોયેલા પ્રથમ, સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ગાંધીનગર દ્વિતીય તથા ડોનબોસ્કો હાઈસ્કૂલ વડોદરા તૃતીય નંબરે રહી હતી.

જયારે ભારતીય લોકનૃત્યમાં માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ગાંધીનગર પ્રથમ, હીલવુડસ સ્કૂલ ગાંધીનગર દ્વિતીય જયારે સેંટ ઝેવિયર્સ મિરઝાપુર તૃતીય નંબરે વિજેતા રહી હતી.